જિલ્લા અને સત્ર ન્યાયાલય,
અઠવાલાઈન્સ, સુરત.
(ગુજરાત) – ૩૯૫ ૦૦૭.

એસ.ટી.ડી.કોડ : (૦૨૬૧)
ઈપીએબીએક્સ : ૨૬૫૧૮૦૫–૬–૯–૧૧
ફેક્સ : ૨૬૫૧૮૦૨–૦૪
ઈ–મેઈલ : dcourt-sut@gujarat.gov.in

વંચાણે લીધો : નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા ધ્વારા રીટ પટીશન(સીવીલ) નં.૫૩૪/૨૦૨૦નાં કામે તારીખ ૧૬/૦૩/૨૦૨૧નાં રોજ કરવામાં આવેલ હુકમ.

*************************

## કચેરી આદેશ નંબર ૧૭૮૧ સને ૨૦૨૧.

નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા ધ્વારા રીટ પટીશન(સીવીલ) નં.૫૩૪/૨૦૨૦નાં કામે તારીખ ૧૬/૦૩/૨૦૨૧નાં રોજ કરવામાં આવેલ હુકમમાં જણાવેલ સૂચનાઓને ધ્યાને લઈ નીચે મુજબની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવે છે :–

૧. નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા ધ્વારા કરવામાં આવેલ હુકમ મુજબ સંબંધિત પોલીસ સ્ટેશન ધ્વારા **Accident Information Report** ૪૮ કલાકમાં નીચે જણાવેલ ઈ–મેઈલ આઈ.ડી. ઉપર મોકલવાનો રહેશે.

| અ.નં. | ટ્રીબ્યુનલની વિગત | ઈ–મેઈલ આઈ.ડી. |
|---|---|---|
| ૧. | એમ.એ.સી.ટ્રીબ્યુનલ, સુરત | dcourt-mact-sut@gujarat.gov.in |
| ૨. | એમ.એ.સી.ટ્રીબ્યુનલ, બારડોલી | tcourt-bardoli-sut@gujarat.gov.in |

સંબંધિત એમ.એ.સી.પી. શાખા (સુરત/બારડોલી) ધ્વારા ઈ–મેઈલ મારફત મળેલ **Accident Information Report** ની પ્રિન્ટ–આઉટ કાઢી એમ.એ.સી.પી. ટ્રીબ્યુનલનાં સંબંધિત પ્રિસાઈડીગ ઓફિસરશ્રી સમક્ષ નિયમોનુંસાર આગળની જરૂરી કાર્યવાહી માટે રજુ કરવાની રહેશે. સદર રીપોર્ટ સંલગ્ન એમ.એ.સી.પી.નાં કાગળો સાથે સામેલ કરવાનાં રહેશે.

૨. એમ.એ.સી.ટ્રીબ્યુનલનાં પ્રિસાઈડીગ ઓફિસરશ્રી ધ્વારા એવોર્ડ જાહેર કર્યા બાદ, એવોર્ડની ખરી નકલ એમ.એ.સી.ટી.શાખા, સુરત/બારડોલીને મોકલી આપવાની રહેશે અને તે એવોર્ડની ખરી નકલ એમ.એ.સી.ટી. શાખા, સુરત/બારડોલીનાં કર્મચારી ધ્વારા સંબંધિત ઈન્સ્યુરન્સ કંપની ધ્વારા નિયુકત કરવામાં આવેલ નોડલ ઓફિસરશ્રી/ઈન્સ્યુરન્સ કંપનીને ઈ–મેઈલ મારફત એવોર્ડની અમલવારી માટે મોકલી આપવાની રહેશે.

૩. સંબંધિત પક્ષકાર/ઈન્સ્યુરન્સ કંપની ધ્વારા એવોર્ડની રકમ એમ.એ.સી.ટ્રીબ્યુનલનાં નીચે જણાવેલ બેંક એકાઉન્ટમાં RTGS કે NEFT મારફત જમા કરાવવાની રહેશે અને તેની જાણ એમ.એ.સી.ટી. શાખા, જિલ્લા ન્યાયાલય, સુરતને ઈ–મેઈલ આઈ.ડી. **dcourt-mact-sut@gujarat.gov.in** ઉપર આ સાથે સામેલ પૂરસીસ મુજબ કરવાની રહેશે.

| અ.નં. | ટ્રીબ્યુનલની વિગત | બેંકની વિગત |
|---|---|---|
| ૧. | એમ.એ.સી.ટ્રીબ્યુનલ, સુરત | State Bank Of India, Nanpura Branch, Surat.<br>A/c. No.35302851202<br>IFSC :SBIN0001388 |
| ૨. | એમ.એ.સી.ટ્રીબ્યુનલ, બારડોલી | |

૪. એમ.એ.સી.ટી. શાખા, જિલ્લા ન્યાયાલય, સુરત/બારડોલીને ઈ–મેઈલ મારફત મળેલ પૂરસીસ જિલ્લા ન્યાયાલય, સુરતની નાજર શાખામાં મોકલવાની રહેશે. નાજર શાખાનાં સંબંધિત કર્મચારીએ તેની નોંધ એક અલગ રજીસ્ટરમાં કરવાની રહેશે તથા બેંક એકાઉન્ટમાં પૈસા જમા થયેલ હોવાની ખાત્રી કર્યા બાદ સીવીલ મેન્યુઅલ મુજબનાં એકાઉન્ટ રજીસ્ટરમાં પણ તેની નોંધ કરવાની રહેશે અને દર મહિનાને અંતે રીકન્સીલેશન અંગેની કાર્યવાહી કરી તે અંગેનો રીપોર્ટ સંબંધિત ડ્રોઈંગ ઓફિસરશ્રીને કરવાનો રહેશે. તદ્ઉપરાંત એવોર્ડની રકમ જમા થયેથી, નાજર શાખા, જિલ્લા ન્યાયાલય, સુરત ધ્વારા એવોર્ડની રકમ અરજદારને ચૂકવવા/એફ.ડી.કરવા અંગેની નિયમોનુંસાર આગળની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૫. સદર હુકમની નકલ જિલ્લા ન્યાયાલય, સુરતની વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવા હુકમ કરવામાં આવે છે.

(વિમલ કે. વ્યાસ)
મુખ્ય જિલ્લા ન્યાયાધિશ,
સુરત.

જિલ્લા ન્યાયાલય, સુરત......)
તારીખ : ૨૪–૧૨–૨૦૨૧...)

જા.નં.બી.૧૨૩/ ૩૭૮ સને ૨૦૨૧.
સવિનય રવાના (ઈન્ટ્રા–મેઈલ/ઈ –મેઈલ મારફત)

૧) તમામ એમ.એ.સી.ટ્રીબ્યુનલ, સુરત તથા બારડોલી.
૨) પોલીસ કમિશ્નરશ્રી, સુરત/પોલીસ અધિક્ષકશ્રી, સુરત (રૂરલ)
તરફ જાણ તથા ઉપરોક્ત ઈ–મેઈલ આઈ.ડી.ની વિગત તમામ પોલીસ સ્ટેશનનાં નોટિસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
૩) તમામ ઈન્સ્યુરન્સ કંપનીઓ તરફ (લીસ્ટ મુજબ).
૪) જિલ્લા ન્યાયાલય, સુરત તથા તેના તાબાની તમામ કોર્ટો તથા કચેરીઓ તરફ.

તરફ જાણ તથા હુકમનો અમલ કરાવવા સારુ.

હુકમથી,
રજીસ્ટ્રાર,
જિલ્લા ન્યાયાલય, સુરત.